નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

# નારાયણ વિદ્યાલય, ભરૂચ.

## નારાયણ ધ્વનિ : અંક-૩૭ • વર્ષ ૨૦૨૪-૨૫

## પ્રસ્તાવના

ભરૂચના હાર્દ સમા શકિતનાથ વિસ્તારમાં આવેલી નારાયણ વિદ્યાલય શાળા, જેમાં ગુજરાતી માધ્યમ તથા અંગ્રેજી માધ્યમના પૂર્વ પ્રાથમિકથી લઇને ઉચ્ચતર માધ્યમિક વિભાગ (સા.પ્ર. તથા વિ.પ્ર.) સુધીના કુલ ૫૦ વર્ગો છે. જેમાં **કુલ ૨૦૮૦ વિદ્યાર્થીઓ અભ્યાસરત છે**, તથા **કુલ ૭૯ શૈક્ષણિક અને ૨૨ બિનશૈક્ષણિક કર્મચારીગણ કાર્યરત છે.**

- **શાળા ભરૂચ તાલુકાની ૮૯ શાળાઓનું ભૃગુઋષિ SVS કેન્દ્ર ધરાવે છે.**
- વર્ષ ૨૦૨૪-૨૫ માં લેવાયેલ માર્ચ-૨૦૨૪ની પરીક્ષામાં,

– **SSC બોર્ડ ગુજરાતી માધ્યમનું શાળાનું પરિણામ ૯૬.૭૯%** આવ્યું, જેમાં શાળાના **૧૬ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ** પ્રાપ્ત કર્યો, અને **પરમાર ચાર્મી પંકજદત્ત ૯૯.૭૨ પર્સન્ટાઇલ રેન્ક અને ૯૬ ટકા સાથે શાળામાં પ્રથમ** રહ્યા.

– **SSC બોર્ડ અંગ્રેજી માધ્યમનું શાળાનું પરિણામ ૮૪.૨૧%** આવ્યું, જેમાં **સિંઘ પલ્લવી ઓમપ્રકાશ ૯૭.૫૧ પર્સન્ટાઇલ રેન્ક અને ૯૧.૫૦ ટકા સાથે A1 ગ્રેડ** મેળવી શાળામાં પ્રથમ રહ્યા.

– **HSC બોર્ડ વિજ્ઞાન-પ્રવાહ ગુજરાતી માધ્યમનું શાળાનું પરીણામ ૯૫.૬૫%** આવ્યું. જેમાં **પટેલ યુગ રજનીકાંત ૯૯.૦૬ પર્સન્ટાઇલ રેન્ક અને ૮૯.૮૦ ટકા સાથે પ્રથમ** રહ્યા.

– **HSC બોર્ડ વિજ્ઞાન-પ્રવાહ અંગ્રેજી માધ્યમનું શાળાનું પરિણામ ૫૩.૩૩%** આવ્યું. જેમાં **પ્રથમ ક્રમે જાદવ ઉજ્જવલ નરેશકુમારે ૯૩.૯૨ પર્સન્ટાઇલ રેન્ક અને ૮૨.૬૦ ટકા સાથે પ્રથમ** રહ્યા.

– **HSC બોર્ડ સામાન્ય-પ્રવાહ ગુજરાતી માધ્યમનું શાળાનું પરીણામ ૧૦૦%** આવ્યું જેમાં **રાણા તીર્થ વી. એ ૯૫.૬૪ પર્સન્ટાઇલ રેન્ક સાથે ૮૬.૧૪ ટકા મેળવી પ્રથમ ક્રમ** હાંસલ કર્યો.

– **HSC બોર્ડ સામાન્ય-પ્રવાહ અંગ્રેજી માધ્યમનું શાળાનું પરિણામ ૧૦૦%** આવ્યું. **રાજપૂત મુસ્કાન આર. ૯૭.૩૬ પર્સન્ટાઇલ રેન્ક સાથે ૮૮.૬૭ ટકા મેળવી શાળામાં પ્રથમ** રહ્યા.

- **બોર્ડ પરીક્ષાઓના શ્રેષ્ઠ પરીણામોની સાથે શાળા સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પણ ઉત્કૃષ્ટ દેખાવ કરી રહી છે.**

### આંતરરાષ્ટ્રીય કક્ષાએ

- **આંતરરાષ્ટ્રીય કક્ષાએ RIFACIMENTO INTERNATIONAL** દ્વારા **શાળાના ડાયરેકટરશ્રી ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ**ને તેમની કાર્ય પ્રત્યેની અસાધારણ પ્રતિબધ્ધતા અને વ્યવસાયિક ક્ષેત્રના ઉત્તમ પ્રદર્શન માટે "**લીડરશીપ એકસેલન્સ એવોર્ડ - ૨૦૨૪**" થી સન્માનિત કરવામાં આવ્યા.
- ૨૮/૯/૨૪ ના રોજ **Vifa આંતરરાષ્ટ્રીય ટેકવોન્ડો ટુર્નામેન્ટ** દ્વારા ગોવા ખાતે આયોજિત કરાટે ટુર્નામેન્ટમાં શાળાની અં.મા. ની વિદ્યાર્થીની **આર્ચી એચ. ચાંદીવાળા એ Fight** માં **સિલ્વર મેડલ** અને **Poomse** માં **બ્રોન્ઝ મેડલ** પ્રાપ્ત કર્યો, જયારે **ધારા એસ. રાજપૂતે Poomse** માં **બ્રોન્ઝ મેડલ** મેળવ્યો.

### રાષ્ટ્રીય કક્ષાએ

- **રાષ્ટ્રીય કક્ષાએ કલાભારતી ચાઇલ્ડ આર્ટ ઇન્સ્ટીટયૂટ, અલ્હાબાદ** આયોજિત કલાભારતી **નેશનલ લેવલ ડ્રોઇંગ એન્ડ હેન્ડરાઇટિંગ કોમ્પીટીશન - ૨૦૨૪**માં ડ્રોઇંગ કોમ્પીટીશનમાં **પડશાળા રવિ (૮-અ) દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી ૧૦ ગ્રામ સિલ્વર મેડલ તથા સર્ટિફીકેટ**થી સન્માનિત થયા. આ સાથે શાળાના ૧૦ વિદ્યાર્થીઓએ "**બાળ કલારત્ન એવાર્ડ**" પ્રાપ્ત કર્યો છે. તથા **ડો. ભગુભાઇ પ્રજાપતિને Active School Award, શ્રી જીજ્ઞેશભાઈ જોશીને દ્રોણાચાર્ય એવોર્ડ**, **શ્રી અરવિંદભાઈ પરમારને Active Teacher Award** એનાયત કરવામાં આવેલ છે.
- **રાષ્ટ્રીય કક્ષાની કલા સ્પર્ધા "રંગોત્સવ"** અંતર્ગત આયોજીત રંગપૂરણી, કાર્ટૂન મેકીગ, કૉલેજ મેકીગ, ઇંગ્લિશ હેન્ડરાઇટિંગ, સ્કેચિંગ સ્પર્ધામાં શાળાના અં.મા.ના ૩૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જે પૈકી ૩ વિદ્યાર્થીઓએ ટ્રોફી મેળવી તે સાથે ૩૧ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, ૫ વિદ્યાર્થીઓને બ્રોન્જ મેડલ અને ૧૦ વિદ્યાર્થીઓને સરપ્રાઇઝ ઇનામથી સન્માનિત કરવામાં આવ્યા. આ સંસ્થા દ્વારા **ડૉ. ભગુભાઇને " Education Reformar Award" શ્રીમતી વિદ્યાબેન રાણા**ને **"Best**

**School For Futuristic Education Award**" અને **શ્રીમતિ રીયાબેન રાણા**ને "**Remarkable Award**" એનાયત કરવામાં આવ્યો.

## રાજય કક્ષાએ

- **ઓએસિસ મૂવમેન્ટ** દ્વારા સ્વામી વિવેકાનંદે કલ્પેલા ૧૦૦ મિશાલરૂપ યુવાનોની ખોજના કાર્યક્રમ અંતર્ગત "**ઓએસિસ નચિકેતા એવોર્ડ**" ની રાજ્ય કક્ષાની પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ઓએસિસ વેલી, ચાણોદ ખાતે એક સપ્તાહની રહેવાસી નેતૃત્વ પરીક્ષણ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં શાળાના ધો. ૧૧ વિ.પ્ર. ના વિદ્યાર્થી ત્રાંબડિયા દિશાંતે ભાગ લીધો.
- **રાજયકક્ષાએ નેશનલ સાયન્સ સેમિનાર** દ્વારા "**કૃત્રિમ બુધ્ધિમતાઃ સમસ્યાઓ અને શકયતાઓ**" વિષય પર આયોજિત સેમિનારમાં ટંડેલ પ્રિયાંશી જે. (ધો. ૯ બ)એ અમદાવાદ સાયન્સ સીટી મુકામે ભાગ લીધો.
- **રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગુજરાત સરકાર** દ્વારા આયોજિત રાજયકક્ષા યુવા ઉત્સવ – ૨૦૨૪ માં લોકવાદ્ય સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થીની ટેલર યશ્વી યુ. (૧૧ - સા.પ્ર) રાજકોટ મુકામે ઉપસ્થિત રહીને ભાગ લીધો.
- **ગુજકોસ્ટ અને બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ**ના સંયુકત ઉપક્રમે આયોજિત **સ્ટેમ કિવઝ સ્પર્ધા**માં ચાવડા હરિજ્ઞા (૧૧-વિ.પ્ર.), ત્રાંબડિયા દિશાંત (૧૧ - વિ.પ્ર.), પઢિયાર હેત્વી (૯ -બ), ભટ્ટ મલ્હાર (૯ - અ), મિસ્ત્રી સમર્થ (૯ -અ) અમદાવાદ સાયન્સ સીટી મુકામે ઉપસ્થિત રહ્યા. જેમાં મિસ્ત્રી સમર્થ કવીઝના દ્વિતીય રાઉન્ડ સુધી વિજેતા રહ્યા.
- **૬૮મી SGFI** (અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવ સ્પર્ધાઓ) કબડ્ડી સ્પર્ધામાં અંડર - ૧૪ ની ભરૂચ જિલ્લાની ટીમમાં લિમ્બચીયા કાવ્યા (૮-બ), ગુર્જર સાક્ષી (૯-બ), વર્મા રૂચી (૯-બ) પસંદ થયા અને ગાધીનગર, માણસા મુકામે રાજયકક્ષાએ ભાગ લીધો. અંડર - ૧૭ની ટીમમાં મકવાણા હેમાંગી (૧૧ વિ.પ્ર) તથા સિંઘ સલોની (૧૧ સા.પ્ર) પસંદ થયા અને ગાંધીનગર પેથાપુર મુકામે રાજયકક્ષાએ ભાગ લીધો.
- **૬૮મી SGFI** એથ્લેટિકસની સ્પર્ધામાં ૪૦૦ મી. દોડમાં વસાવા સાક્ષી (૭-બ), વસાવા માહી (૭-બ) એ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, નડિયાદ મુકામે ભાગ લીધો અને ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો.
- **૬૮મી SGFI** એથ્લેટિકસ ની સ્પર્ધામાં ૬૦૦મી દોડમાં વસાવા સાક્ષી (૭-બ)એ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, નડિયાદ મુકામે રાજયકક્ષાએ ભાગ લીધો અને પાંચમો ક્રમ પ્રાપ્ત કર્યો.
- **શાંતિકુંજ હરિદ્વાર** દ્વારા આયોજિત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં પટેલ દિશા ડી. (૧૧ સા.પ્ર), રોહિત નિષ્ઠા (૧૨ – સા.પ્ર.) ઉત્તીર્ણ થયા તથા રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો.

## ઝોન કક્ષાએ

- **GCERT આયોજિત કલામહોત્સવની સ્પર્ધા** અંતર્ગત ઝોન કક્ષાની સ્પર્ધામાં **બાળકવિ સ્પર્ધા**માં ટંડેલ પ્રિયાંશી (૯–બ)એ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો, સંગીત વાદનમાં શાહ રૂદ્ર (ધો. ૧૧ વિ.પ્ર.) એ વાપી મુકામે ભાગ લીધો.
- **ગુજકોસ્ટ અને બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ**ના સંયુકત ઉપક્રમે આયોજિત **સ્ટેમ કિવઝ સ્પર્ધા**માં શાળાના વિદ્યાર્થીઓએ : પઢિયાર હેત્વી (૯-બ) પ્રથમ, ત્રાંબડિયા દિશાંત (૧૧ વિ.પ્ર) પ્રથમ, ભટ્ટ મલ્હાર (૯-અ) તૃતીય, ચાવડા હરિજ્ઞા (૧૧ વિ.પ્ર.) ચતુર્થ, મિસ્ત્રી સમર્થ (૯-અ) ચતુર્થ ક્રમ પ્રાપ્ત કર્યો.
- **ગુજરાત રમત-ગમત અને સાંસ્કૃતિક વિભાગ** દ્વારા આયોજિત યુવા સ્પર્ધામાં ઝોન કક્ષાએ કાવ્ય લેખન સ્પર્ધામાં, દુહા-છંદ-ચોપાઇ, વાંસળી, ગિટાર, નિંબધ લેખન સ્પર્ધામાં શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ ભાગ લીધો, તથા લોકવાદ્ય સ્પર્ધામાં ટેલર યશ્વી (૧૧ સા.પ્ર.) દ્વિતીય ક્રમે રહ્યા, તથા મઢીવાલા મીરા (૧૧ વિ.પ્ર)એ તૃતીય ક્રમ હાંસિલ કર્યો.
- **દક્ષિણ ગુજરાત પ્રદેશ કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા** અંતર્ગત **સર્જનાત્મક કારીગીરી સ્પર્ધા**માં વસાવા ભવ્યા (૪-બ), જાદવ કાવ્ય (૧-બ) લોકવાદ્યમાં પ્રથમ ક્રમ, દુહા-છંદ-ચોપાઇની કૃતિમાં ટેલર દેવશ્રી (૭-અ) એ દ્વિતલા ક્રમ મેળવ્યો તથા તેઓ રાજયકક્ષાની કૃતિઓમાં ભાગ લેવા પસંદગી પામ્યા.

## જિલ્લા કક્ષાએ

- **કમિશ્નર ઓફ સ્કૂલ, ગુજરાત રાજય દ્વારા આયોજિત શ્રેષ્ઠ શાળા પુરસ્કાર અંતર્ગત ૨૦૨૩-૨૪** ના **વર્ષમાં જિલ્લામાં શહેરી કક્ષાએ શ્રેષ્ઠ શાળા પ્રોજેકટમાં શાળાએ પ્રથમ ક્રમાંક** મેળવ્યો. જે અંતર્ગત **શાળાને રૂપિયા ૧,૦૦,૦૦૦/- નું રોકડ પુરસ્કાર તથા શિલ્ડ અને પ્રમાણપત્ર** આપી સન્માનિત કરવામાં આવી.